આઈઆઈટી-ગાંધીનગર દ્વારા કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીનાં 10 વિદ્યાર્થીઓને 'ઇન્ડિયા કી ખોજ' કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રિત કરાયા, જેમાં લેખિકા અને પબ્લિશર ઉર્વશી બુટાલિયાએ 'ભારતમાં થતાં પરિવર્તનમાં મહિલાઓનો ફાળો' વિષય પર લેક્ચર આપ્યું હતું.

# સ્ત્રીઓને નોકરી કરતી રોકવાનું બંધ થયું છે

**IIT UPDATE**

સિટી રીપોર્ટર ▶ અમદાવાદ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી-ગાંધીનગર દ્વારા કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી-યુએસએનાં 10 વિદ્યાર્થીઓને 'ભારત કી ખોજ' કાર્યક્રમમાં ભાગ લેવા માટે હોસ્ટ કર્યાં છે. 15થી 23 ડિસેમ્બર દરમિયાન આયોજન કરવામાં આવેલા આ કાર્યક્રમમાં ભારતીય સમાજ, સંસ્કૃતિ, અર્થતંત્ર, વિજ્ઞાન, ટેકનોલોજી અને અન્ય પાસાંઓ વિશેની જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવશે. આ મોડ્યુલમાં ભારતની વિવિધતાને સમજવા માટેનાં લેક્ચર્સ અને ફિલ્ડ વિઝિટ્સનું આયોજન કરાયું છે. સોમવારથી શરૂ થયેલાં કાર્યક્રમનાં પ્રથમ દિવસે લેખિકા, પબ્લિશર અને ઝુબાન બૂક્સનાં ડાયરેક્ટર ઉર્વશી બુટાલિયા દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે 'ભારતમાં થતાં પરિવર્તનમાં મહિલાઓનો ફાળો' વિષય પર વાતચીત કરી હતી.

## મહિલાઓ દરેક ક્ષેત્રે આગળ

તેમણે કહ્યું કે, તાજેતરમાં જ દેશનાં પીએમએ મહિલાઓની સુરક્ષાનાં મુદ્દાને મહત્વનો ગણાવ્યો હતો. પરંતુ ભારતની મહિલાઓને દેશભક્તિ કે સુરક્ષા કરતાં પણ પોતાની એક નાગરિક તરીકેની અને વ્યક્તિ તરીકેની ઓળખ મળે તે મહત્વનો મુદ્દો છે. ભારતમાં થોડાંક વર્ષોમાં જે બદલાવ આવ્યો છે, તેમાં મહિલાઓ દેખીતી રીતે દરેક ક્ષેત્રે આગળ પડતું કામ કરી રહી છે. કેટલીક પ્રાઇવેટ એરલાઇન્સની 50 ટકા પાઇલોટ્સ મહિલાઓ છે, તો શહેરી વિસ્તારોમાં ટેક્સી, પેટ્રોલપંપ કે એવાં ક્ષેત્રો જે મહિલાઓ કેન્દ્રિત ક્ષેત્રો ન હતાં. ત્યાં પણ હવે મહિલાઓએ કામ કરવાનું શરૂ કર્યું છે. બીજું કે મહિલાઓનાં પરિવારો તેમને મળતાં પગારથી ખુશ હોઇ તેમને નોકરી કરતી રોકતાં બંધ થયાં છે. વધુમાં તેમણે કહ્યું કે, 2012નો જે બહુચર્ચિત દિલ્હી રેપ કેસ થયો હતો, તે છતાંય પોલિટિકલ પાર્ટીઝ ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે તેજસ્વી દેશ દર્શાવીને અહીંયા બિઝનેસ કરવા માટે કે ડેવલોપમેન્ટ માટે આમંત્રિત કરી રહી હતી. આ પરિસ્થિતિમાં મહિલાઓને માટે આ બધાંથી ઉપર જઇને વિચારવું પડે. તદ્ઉપરાંત આંતરાષ્ટ્રીય જર્નાલિસ્ટ્સ દ્વારા ભારતને કોઇ એક કેસ કે કોઇ એક ઘટનાને કેન્દ્રિત કરીને તેનું નિષ્કર્ષ ન કાઢવું જોઇએ. કારણ કે, ભારત વિવિધતાનો દેશ છે, અહીંયા ઉત્તરની સંસ્કૃતિથી સાઉથની સંસ્કૃતિ સાવ જુદી પડે છે.

## ઓળખ માટે સંઘર્ષ કરવો પડે



ઉર્વશી બુટાલિઆએ કહ્યુ કે, કચ્છની એક મહિલા રાધા એક દલિત પરિવારની હતી. તેને પેઇન્ટિંગની ખૂબ ઇચ્છા હતી. પરંતુ પેઇન્ટિંગ્સ બનાવવા માટેની કોઇ પ્રેરણા ન હતી. તેણે હિંમત કરીને તેની આસપાસની મહિલાઓ અને પરિસ્થિતિઓ પર પેઇન્ટિંગ્સ બનાવવાની શરૂઆત કરી. અંતે તેણે બનાવેલાં પેઇન્ટિંગ્સની એક બૂક બહાર પડી. હાલ રાધાના પેઇન્ટિંગ્સનું એક્ઝિબિશન દિલ્હીમાં યોજાયું હતું, જ્યાં ઘણાં લોકો તેની બૂક અને પેઇન્ટિંગ્સ સારી કિંમતે ખરીદવા માટે આગળ આવ્યાં હતાં. ત્યારે તેમણે તેમનું પેશન હોઇ આ પેઇન્ટિંગ્સને વેચી નથી. ભારત એવો દેશ છે, જ્યાં નાના-નાના ગામડે સ્ત્રીઓ દ્વારા પરિવર્તનનો પવન ફૂંકાઇ રહ્યો છે.

